ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૪-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### ઉત્તર પ્રદેશમાં મોદીનું મોજું સુનામીમાં ફેરવાઈ જશે ખરું?

નરેન્દ્ર મોદીના વિશ્વાસુ સાથી અને ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી અમિત શાહ પર ચૂંટણી પંચે લગાવેલો પ્રતિબંધ હટાવી લીધા પછી એમણે ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકે યોજેલ પત્રકાર પરિષદમાં સંયત ભાષામાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજયની આગાહી કરી હતી છે. અમિત શાહ પર ‘બદલો’ લેવાના નિવેદન બદલ ચૂંટણી પંચે પ્રતિબંધ લાદ્યો હતો, જેનો સમયસર જવાબ આપીને તથા પોતાની ભૂલ બદલ માફી માગી લઈને એમણે વાણિયા બુદ્ધિ પરિચય કરાવ્યો હતો. તેથી તદ્દન ઊલટું સમાજવાદી પાર્ટીના ‘નંબર ટુ’ નેતા આઝમખાને એમને વાંધાજનક નિવેદનો બદલ પડકારનારા ચૂંટણી પંચ સામે બાંયો ચડાવી હતી. અમિત શાહ કુનેહપૂર્વક ચૂંટણી પંચના સકંજામાંથી છૂટીને હેમખેમ પ્રચારકાર્યમાં લાગી ગયા છે. એમણે લખનૌ ખાતે યોજેલ પત્રકાર પરિષદમાં નરેન્દ્ર મોદી આગામી ૨૪ એપ્રિલના દિવસે શુભમુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભરશે એવી જાહેરાત કરતાં કહ્યું હતું કે, અત્યાર સુધી તો ઉત્તરપ્રદેશમાં અને સમગ્ર દેશમાં મોદીના નામનું મોજું જ ચાલી રહ્યું છે પરંતુ જેવા એ વારાણસીમાં નામાંકન કરશે કે આ મોજું સુનામીમાં ફેરવાઈ જશે. અમિત શાહે અત્યાર સુધીની જે એકવીસ બેઠકો માટે ઉત્તરપ્રદેશમાં મતદાન થઈ ચૂક્યું છે એ પૈકી ઓછામાં ઓછી અઢાર બેઠકો ભાજપ ખેરવી લેશે એવી રજૂઆત પણ કરી હતી. અમિત શાહના આ વિધાનમાં અતિશયોક્તિ હોઈ શકે છે પરંતુ એમણે પૈડા નીચે આવી ગયેલી આંગળી છૂંદાઈ ન જાય એટલી સિફતથી હાથ ખેંચી લીધો છે અને ફરી પાછા એમને સોંપાયેલ કામગીરીમાં સક્રિય થઈ ગયા છે. એક વ્યૂહરચનાકાર (સ્ટ્રેટેજિસ્ટ) તરીકે નરેન્દ્ર મોદી માટે અમિત શાહની આ સક્રિયતા ખૂબ મહત્વની છે. મોદીએ વિવાદાસ્પદ ભૂતકાળ ધરાવતા અમિત શાહને અડવાણી અને સુષમા સ્વરાજ જેવાં વરિષ્ઠની નારાજગી વહોરીને રાષ્ટ્રીય મહામંત્રી પદ પર નિમણૂંક અપાવી હતી અને તે પછી તાબડતોબ દેશના સૌથી મોટા રાજય ઉત્તરપ્રદેશના ચૂંટણી સંયોજક બનાવી દીધા હતા. નરેન્દ્ર મોદીએ વારાણસીથી ચૂંટણી લડવી જોઈએ એ નિર્ણય પાછળ પણ અમિત શાહનું ભેજું છે. પૂર્વાંચલની બેઠકો પર વધુમાં વધુ પ્રભાવ પાડવા ઉપરાંત નજીકની બિહાર, ઝારખંડ અને છત્તીસગઢની બેઠકો સુધી વારાણસીનો સીધો સંદેશ જતાં ભાજપ હિંદીભાષી પટ્ટામાં ખોવાયેલો જનાધાર પાછો મેળવી શકે એવી ગણતરીથી આ નિર્ણય લેવાયો હતો. જયોતિષીઓએ ૨૨મી એપ્રિલ સૌથી શુભ દિવસ હોવાનું મુહૂર્ત કાઢી આપ્યું હોવા છતાં એ તારીખ બદલીને મોદી નામાંકન ભરવા માટે છેલ્લા દિવસે અર્થાત્ ૨૪મી એપ્રિલે ઉમેદવારી કરશે, એ નિર્ણય પાછળ પણ ગણતરીપૂર્વકની વ્યૂહરચના છે. ૨૪મી એપ્રિલે દેશભરમાં એંશી કરતાં વધુ બેઠકોની ચૂંટણી યોજાઈ રહી હશે ત્યારે વારાણસીમાં નરેન્દ્ર મોદીનો વરઘોડો નીકળશે. દુનિયા આખીનાં માધ્યમોની નજર આ વિશિષ્ટ ઘટના ભણી ટીંગાયેલી હશે. દેખીતી રીતે જ એની સાઈકોલોજીકલ અસર તે દિવસે મતદાન કરનારા મતદાર સમુદાય પર પડશે. ઝીણામાં ઝીણી બાબતનું વ્યૂહાત્મક આયોજન કરી નરેન્દ્ર મોદી અને એમના અમિત શાહ જેવા વિશ્વાસુ સાથીઓ ભાજપને વધુમાં વધુ ફાયદાકારક સ્થિતિમાં મૂકવા પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસ પાસે આવી ગણતરીપૂર્વકની વ્યૂહ નીતિ દેખાય છે ખરી ? નરેન્દ્ર મોદી માટે વારાણસીની બેઠક મોટા પડકાર સમાન છે. જયારે ચારે તરફથી મોદીને ઘેરવાનો પ્રયાસ થઈ રહ્યો છે ત્યારે છેક છેલ્લા દિવસે નામાંકન કરી આગળના દિવસો દરમિયાન અન્ય પ્રતિસ્પર્ધીઓએ કરેલા રોડ શો કરતાં ઘણો વધારે ભપકો બતાવી મોદી વારાણસીના મતદારોને આંજી નાખવા પ્રયાસ કરશે. મુલાયમસિંહના પુત્ર અખિલેશ યાદવની સરકારને પણ ચૂંટણી પછી ઉથલાવવાના આડકતરા સંકેતો ભાજપનાં વર્તુળો આપતાં રહે છે, જેથી મતદારોને ભાજપ તરફે- મોદીની ઝોળી છલકાવવામાં કોઈ ડર ન રહે.

## મલેશિયામાં યોજાયેલી ફટશલ સ્પર્ધામાં ચૌધરી કોલેજની વિદ્યાર્થીની ઝળકી

ગાંધીનગર, તા.૧૯

તાજેતરમાં મલેશિયા ખાતે ફટશલ-૨૦૧૪ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતની ટીમે ઈન્ટરનેશનલ લેવલે બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. ટીમમાં શહેરની ચૌધરી કોલેજની વિદ્યાર્થીની જોડાઈ હતી. કોલેજ દ્વારા દેશની ટીમને બ્રોન્ઝ મેડલ મેળવવામાં સફળતા અપાવવા બદલ વિદ્યાર્થીનીનું સન્માન કરવામાં આવ્યું હતું.



ઈન્ડીયન સોસર ફુટશલ ફેડરેશન (આઈએસએફએફ) દ્વારા ઈન્ટરનેશનલ લેવલે એશિયા કપ ફટશલ-૨૦૧૪નું આયોજન મલેશિયાના મલેકા હિસ્ટોરીકલ સીટીમાં કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ દેશોની સાત ટીમોએ ભાગ લીધો હતો.

ફટશલ સ્પર્ધામાં ભારત દેશની ટીમમાં ગાંધીનગર શહેરના સેકટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીની રમિલા શાહુની પસંદગી કરવામાં આવી હતી. ટીમ ઈન્ડિયામાંથી રમતી રમિલા શાહુએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા ટીમે બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. બ્રોન્ઝ મેડલ મેળવવામાં સફળતા અપાવવા બદલ કોલેજ પરિવાર દ્વારા વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## હરિની દૃષ્ટિ...




## આજે ગાંધીનગરમાં ઈસ્ટર સન્ડેની પરંપરાગત રીતે ઉજવણી થશે

### દેશમાં શાંતિ, સદ્ભાવના અને સુખાકારી વાતાવરણ પ્રબળ બને અને વિશ્વશાંતિ માટે સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

ઈસ્ટર સન્ડેની ઉજવણી આવતીકાલે પરંપરાગતરીતે કરવામાં આવનાર છે. કોમી એકતા અને સદ્ભાવનાથી ભવ્ય ઉજવણી કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. વિવિધ ધર્મના ધર્મગુરુઓની ઉપસ્થિતિમાં શુભેચ્છાની આપલે કરવામાં આવનાર છે.

માનવ અધિકાર સમિતિના ઉપપ્રમુખ જ્યોર્જ ડાયસે એક સંયુક્ત અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે, ગુડફ્રાઈડેના દિવસે પ્રભુ ઈસુ ખ્રિસ્તને ખિલ્લા મારી જડી દેવામાં આવ્યા જેના ત્રીજા દિવસે ફરી સજીવન થઈ અનુયાયીઓને દર્શન આપ્યા હતા. તે દિવસને ઈસ્ટર સન્ડેના તહેવાર એટલે પાસ્ખા પર્વ મૃત્યુ ઉપરનો વિજય તરીકે ઉજવાય છે. ખ્રિસ્તી સમુદાય માટે મહત્વના તહેવાર તરીકે ઉજવાતા ઈસ્ટર સન્ડે નિમિત્તે મિરઝાપુર સેન્ટ ઝેવિયર્સ સ્કુલ કમ્પાઉન્ડ ખાતે આવેલ બીશપ હાઉસ ખાતે આવતીકાલે સવારે ૧૧.૦ વાગે ખ્રિસ્તી ધર્મના વડા બીશપ થોમસ મેકવાનને વિવિધ ધર્મના ધર્મગુરુઓની ઉપસ્થિતિમાં શુભેચ્છાની આપલે દ્વારા ઈસ્ટર સન્ડેને કોમી એકતા-સદ્ભાવનાથી ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં દેશમાં શાંતિ સદ્ભાવના અને સુખાકારી વાતાવરણ પ્રબળ બને અને વિશ્વશાંતિ માટે સર્વધર્મ પ્રાર્થના યોજાશે.

## ડી.જે., બેન્ડવાજા અને મ્યુઝિકલ પાર્ટીની ઝાકમઝોળ વચ્ચે દેશી ઢોલ વિસરાયા

### માંગલિક પ્રસંગોએ દેશી ઢોલ લોકપ્રિય હતું : હાલ દેશી ઢોલનો વ્યવસાય પડી ભાંગ્યો

ગાંધીનગર, તા.૧૯

લગ્નપ્રસંગોની સિઝન શરૂ થઈ છે ત્યારે ભૂતકાળ બનેલા દેશી ઢોલની યાદ એ સંસ્મરણ બની ગયું છે. હાલ માંગલિક પ્રસંગોએ ડી.જે., બેન્ડવાજા અને મ્યુઝિકલ પાર્ટી એ પ્રસંગની ઓળખ બની ગયા છે. તીવ્ર અવાજો સાથે લેટેસ્ટ ફિલ્મી ગીતો એ આજના જમાનાની માંગ બની જતાં ગરબા અને ત્રણ તાલીના અવાજો સાથેના દેશી ઢોલ વિસરાઈ ગયા છે.

માંગલિક પ્રસંગોની શરૂઆત થતાં સાથે જ પાર્ટી પ્લોટ, લગ્નવાડીઓ અને પ્રાસંગિક સ્થળોનુ બુકીંગ થઈ ગયું છે. પ્રસંગોમાં દરેક બાબતનું અલગ મહત્વ હોય છે તેમાં પ્રસંગમાં રાસ ગરબા, નૃત્ય અન ફિલ્મી ગીતો ઉપર ડિસ્કો કરવા ડી.જે., બેડવાજા અને મ્યુઝિકલ પાર્ટીના પણ એડવાન્સ બુકીંગ થઈ ગયા છે ત્યારે દેશી ઢોલ હાલ કોઈ યાદ પણ કરતું નથી.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

પહેલાં દેશી ઢોલ થકી લગ્ન પ્રસંગે સૌ પ્રથમ મંડપ મુર્હતમાંથી શરૂ કરીને મહિલાઓ ગણપતિની માટલી લેવા જાય ત્યારે, ગોત્રીજા સમયે, લાડવા સમયે, માટી લેવા જાય ત્યારે, મામેરૂ વધાવવા જાય ત્યારે, ગ્રહશાંતિ સમયે તેમજ વરરાજાને પુંકવા જાય ત્યારે સૌથી આગળ રહી દેશી ઢોલ અને નગારૂના ઢમ ઢમ સાથે હરખ ઘેલા થઈ પ્રસંગોચિત લગ્નગીતો ગાઈ આનંદ કરતા હતા. જે હવે ફક્ત ડી.જે., બેન્ડવાજા અને મ્યુઝિકલ પાર્ટીના અભરખા વચ્ચે નક્કી કરેલા સમય દરમિયાન જ નાચ-ગાન થતા હોય છે.

દેશી ઢોલ વગાડવાનો ઈજારો કહેવાય છે કે રાવળ ભાઈઓ પાસે હતો અને ડબગર આ ઢોલ બનાવતા હતા. હાલ બંને પરિવારો અન્ય વ્યવસાયમાં જોતરાઈ ગયા છે. આમ આધુનિકતા એ મધુર અવાજોને છીનવી કર્કશતાને સ્થાન આપી દીધું છે.

## બાઈક સ્લીપ ખાતા શખ્સના શરીરમાં સળિયા ઘુસી ગયા

અમદાવાદ, તા.૧૯

શહેરના શાહીબાગ સ્થિત સર્કીટ હાઉસ પાસે બાઈક પર સવાર બે વ્યક્તિઓને નડેલા અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થઈ ગયું છે. આ અકસ્માત બાઈક સ્લીપ થવાને લીધે થયું હતું. બાઈક સ્લીપ થતાં તે રોડ ડિવાઈડર સાથે ટકરાઈ હતી અને ડિવાઈડરને કોર્ડન કરેલ સળીયા એક વ્યક્તિની આરપાર નીકળી જતા તે વ્યક્તિનું મોત થઈ ગયું હતું તેમજ અન્ય વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી જેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.


શહેરના પોશ ગણાતા શાહીબાગ સ્થિત આવેલ સર્કીટ હાઉસ પાસે બે વ્યક્તિઓ બાઈક પર જતા હતા. પંરતુ બાઈક અચાનક સ્લીપ થતા બાઈક ચલાવનાર વ્યક્તિએ બાઈક પરનો કાબુ ગુમાવી દીધો હતો. બાઈક પર સવાર બંને વ્યક્તિઓ સ્લીપ થતા સીધા રોડ ડિવાઈડર સાથે ટકરાયા હતા. જેમાં એક વ્યક્તિ ડિવાઈડરને કોર્ડન કરેલ સળીયા સાથે ટકરાતા તે વ્યક્તિના શરીરમાં સળીયા આરપાર નીકલી ગયા હતા. ઉપરાંત અન્ય બીજા વ્યક્તિને પણ ડિવાઈડર સાથે ટક્કર લાગતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં સળીયા આરપાર નીકળી જનાર શખ્સનું મૃત્યુ નીપજ્યું છે અન્ય ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અકસ્માત થતાં ઘટનાસ્થળે લોકોનું ટોળું થઈ ગયું હતું જેના કારણે ટ્રાફીક જામ થઈ ગયું હતું.

## શું બની શકશે : ‘અબ કી બાર... બહુમતીવાળી સરકાર’ ???

સી વોટર(૨૩૦), સીએસડીએસ(૨૨૦), એસી-નેલ્સન(૨૩૦), હંસા(૨૩૦)... કૌંસમાં લખ્યા એ આકડાઓ છે દેશની ટોચની સર્વે કંપનીઓએ કરેલા ઓપીનીયનપોલ્સમાં એનડીએ ને ૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં મળનારી સંભવિત સીટોના. એનડીટીવી એ કરેલા એકદમ છેલ્લા ઓપીનીયન પોલ મુજબ એનડીએ ને સંપૂર્ણ બહુમત મળી શકે છે. ઓપીનીયન પોલ્સની વિશ્વશનીયતા વિષે વધુ દલીલો કે ચર્ચા કરવાનું ટાળીએ તો પણ એ યાદ રાખવું જરૂરી છે કે ૨૦૦૯ના લોકસભા ચુનાવ વખતે થયેલા ઓપીનીયન પોલમાંથી મોટાભાગના પોલ આવેલા પરિણામોથી નજીક હતા. છતાં પણ ઓપીનીયન પોલ્સને જયાં સુધી પરિણામ નાં આવે ત્યાં સુધી એક આકલન તરીકે લઈ જ શકાય. હવે વાંચો આ વાક્ય. જો ૨૦૧૪ના પરિણામોમાં એનડીએ / ભાજપને સૌથી વધુ સીટો મળે અને નરેન્દ્ર મોદીના વડપણ નીચે નવી સરકાર રચાય તો પણ મોદી માટે વડાપ્રધાનપદુ એટલું આસન નહિ હોય આ શબ્દો છે બીબીસીના વરિષ્ઠ પત્રકાર અને ભારતીય રાજકારણને એકદમ નજીકથી ઓળખનાર માર્ક તુલીના. ભલે તમને આ બંને બાબતો એકબીજાથી સંપૂર્ણ વિરોધાભાષી લાગે પણ આ છે આવનારી સરકારની એક આછેરી ઝલક.

છેલ્લી ઘણી ચુંટણીઓથી આપણે સંપૂર્ણ બહુમતીવાળી સરકારો જોઈ જ નથી. લગભગ દરેક સરકારો કોઈને કોઈ પક્ષના ટેકાથી જ બનેલી છે. વર્ષ ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા પછી યોજાયેલી ચુંટણીમાં લોકલાગણીના મોજા પર સવાર થઈને કોંગ્રેસ અને સાથી દળોએ ૪૧૬ સીટો જીતેલી જેમાંથી એકલા કોંગ્રેસની ૪૦૪ સીટો હતી, ૧૯૫૧ની પહેલી લોકસભાથી અત્યાર સુધીમાં કોઈ એક જ પાર્ટીએ જીતેલી આ સૌથી વધુ સીટો છે. બસ આ જ હતી આપણે જોયેલી સંપૂર્ણ બહુમતિવાળી છેલ્લી સરકાર .જો કે આમાં ઈન્દિરાની અણધારી હત્યાનો લાભ કોંગ્રેસને મળેલો પરંતુ કોંગ્રેસને એવો કોઈ ખાસ લાભ ૧૯૯૧માં રાજીવ ગાંધીની હત્યા વખતે નહોતો મળ્યો. ચુંટણીની અધવચ્ચે થયેલી રાજીવની હત્યા પછીના પરિણામોમાં કોંગ્રેસને ૨૪૪ સીટો જ મળેલી. ૧૯૮૯માં નેશનલ ફ્રન્ટના નેજા નીચે વીપીસિંહ અને ૧૯૯૧માં લેફ્ટના સહકારથી નરસિંહરાવની સરકારથી શરુ થયેલો મિલીઝુલી સરકારનો સિલસિલો ૨૦૦૯ની મનમોહનસિંહ સરકાર સુધી ચાલુ રહ્યો છે. વચ્ચે ૧૯૯૯મા વાજપેયીના નેતૃત્વવાળી એનડીએ એ ૨૭૦ સીટો કબજે કરવામાં સફળતા મેળવેલી જો કે એ પણ સંપૂર્ણ બહુમતી તો નહોતી જ છતાં પણ એવી એકાદ ઘટનાને બાદ કરતા લગભગ છેલ્લા ત્રીસેક વર્ષોથી દિલ્હીમાં તડજોડવાળી સરકારો જ બનતી રહી છે . ૨૭૩ના જાદુઈ આંકડા સુધી પહોચવામાં દરેક વખતે કોઈ ને કોઈ પક્ષોને પરસેવો વળતો રહ્યો છે. ના ગમતા અને સાથે બેસાડી પણ નાં શકાય એવા પક્ષોના ગણ્યાગાંઠ્યા સભ્યોને પણ હાથે પગે લાગવાના દ્રશ્યો આપણે જોયા છે . જયલલિતાની જીદને લીધે માત્ર એક જ વોટથી ૧૯૯૯માં અટલ બિહારી વાજપેઈની સરકારનું પતન આવી જ તડજોડનું પરિણામ હતું.

પણ હવે ૨૦૧૪ છે, ૧૯૮૪ કે ૧૯૯૧ વાળો કોંગ્રેસ પક્ષ હવે ભૂતકાળની વાત થઈ ગઈ છે એ તો પ્રખર કોંગ્રેસી પણ માની રહ્યા છે. દેશનો મતદાર બદલાઈ ગયો છે. વધુને વધુ યુવાનો દર વખતે મતદાનમાં ભાગ લેતા થયા છે . આ લખાય છે ત્યારે ગુરુવારે પુરા થયેલા પાંચમાં તબક્કાનના મતદાનમાં ગઈ લોકસભાના મતદાન કરતા ૧૫ નો ઉછાળો આવ્યો છે એ આ વાતનું પ્રમાણ છે અને સૌથી મહત્વનું કે ૧૯૮૪માં માત્ર ૨ જ સીટ જીતી શકેલું ભાજપ આજે દેશમાં મજબુત પક્ષ તરીકે ઉપસી આવેલ છે. આ વખતની ચુંટણીમાં કોંગેસના છેલ્લા પાંચેક વર્ષના શાશનમાં બેકાબુ થયેલી મોંઘવારી અને જથ્થાબંધ ભ્રષ્ટાચારથી ત્રાસી ઉઠેલી જનતાના રોષનો પડઘો મતપેટીમાં પડવાના ચાન્સીસ સૌથી વધુ છે. જો સમાચારોને સાચા માની લઈએ તો કોંગ્રેસે પણ ફરીથી સત્તામાં આવવાના ખ્વાબ જોવાનું બંધ કરીને આ પરિણામોમાં માનભર્યા આકડાએ પહોચવાની મથામણ શરુ કરી દીધી છે. હજુ હમણાં જ યોજાયેલી પાંચ રાજયોની ચુંટણીમાંથી ૪ રાજયોમાં થયેલા સફાયાની કળ વળી નથી ત્યાં જ વિવિધ એજન્સીઓએ કરેલા સર્વેમાં કોંગ્રેસની ગગડતી લોકપ્રિયતા અને જોવા મળતી ૧૦૦થી પણ નીચે મળનારી સંભવિત સીટોના આકડાઓએ સોનિયા , રાહુલ સહીત લગભગ બધા જ કોંગ્રેસી નેતાઓની ઘ ઉડાડી દીધી છે. એક પળ માટે સર્વેના આકડાઓને પણ ખોટા માની લઈએ તો પણ ચાર રાજયોમાં કોંગ્રેસને મળેલી કરારી હાર અને નરેન્દ્ર મોદી અને ભાજપની વધતી જતી લોકપ્રિયતાથી કોઈ ઈનકાર કરી શકે એમ નથી જ.



રજળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

સવાલ એ છે કે કેવી રીતે બની શકે બહુમતિવાળી સરકાર? અમુક અપવાદોને બાદ કરતા મોટાભાગે નવી સરકારની રચનામાં હિન્દી બેલ્ટમાં જે તે પક્ષે મેળવેલી સફળતાનો સૌથી મહત્વનો ફાળો રહ્યો છે. હિન્દી બેલ્ટ એટલે ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ, હરિયાણા, દિલ્હી વાળો પટ્ટો. હજુ હમણા જ સત્તા પર આવેલી સમાજવાદી પાર્ટીના તઘલખી નિર્ણયો અને લઘુમતી તુષ્ટિકરણની એકપક્ષીય નીતીથી ઉત્તરપ્રદેશમાં લોકોમાં વિરોધ વધતો જાય છે. લગભગ દરેક સર્વેમાં મુલાયમની સાયકલ પંચર થતી રહી છે. એનડીટીવીના સર્વે મુજબ યુપીની ૮૦માંથી લગભગ અર્ધાથી વધુ સીટો એનડીએ કબજે કરી શકે છે. વર્ષો સુધી ઉતરપ્રદેશ પર એકચક્રી રાજ ચલાવી ચૂકેલ કોંગ્રેસને ૧૦થી ૧૫ સીટો મળવાની ધારણા છે. મુલાયમની મુસીબત એ છે કે જે પાર્ટીને એ કેન્દ્રમાં ટેકો આપે છે એનો જ દેખાવ આ વખતે એકદમ નિમ્નકક્ષા સુધી જઈ શકે એમ છે ને અધૂરામાં પૂરી માયાવતીની ચુનોતી તો છે જ. બિલકુલ એવું જ ચિત્ર ઉત્તરપ્રદેશ પછી સૌથી વધુ ૪૦ સીટો ધરાવતા બિહારમાં જોવા મળી રહ્યું છે. કોઈ પણ દેખીતા કારણ વગર નરેન્દ્ર મોદીનો વિરોધ કરવાની નીતીશની નીતિ અને વડાપ્રધાનપદની લ્હાયમાં એનડીએને છોડવાની મુર્ખામી જનતાદળને અહી ભારે પડી શકે એમ છે. અંદાજ એવો છે કે બિહારના પરિણામો નીતીશ અને લાલુ બંને માટે ચોકાવનારા હશે. મોદીના નામ પર ગઠબંધન તોડીને મુસ્લિમોને વહાલા થવાની લ્હાયમાં નીતીશના બાવાના બેય બગડી શકે એમ છે કેમ કે બિહારમાં મોટાભાગે જાતિગત રાજકારણ જ રમાય છે અને આ વખતે મોટાભાગના સવર્ણો ભાજપની સાથે દેખાઈ રહ્યા છે જયારે જેના આધારે નીતીશ વધુ સીટો જીતવાની કોશિશ કરી રહ્યા છે એ મુસ્લિમો નીતીશ કરતા લાલુ અને કોંગ્રેસના જોડાણ તરફ વધુ વળે એવી પૂરી શક્યતા છે. મતોના આ ધ્રુવીકરણમાં દેખીતો ફાયદો ભાજપને જ થઈ રહ્યો છે. વિકાસના મુદ્દા પર ચુંટણી લડતો ભાજપ મહત્તમ મતદાતાઓને આકર્ષવામાં સફળ રહેતો જણાય છે. આ બે જ રાજયોની ૧૨૦ જેવી સીટોમાંથી એનડીએ ને અંદાજે ૭૦ થી વધુ જેવી સીટો મળવાની ધારણા છે.

ઉત્તરના આ બે મોટા રાજયોમાં હવે બીજા બે રાજયો નો ઉમેરો થઈ ચુક્યો છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાન. આ બંને રાજયોમાં તાજેતરમાં જ જવલંત સફળતા મેળવી ચૂકેલ ભાજપને એનો સીધો લાભ આ વખતની લોકસભાની ચુંટણીમાં ચોક્કસ થવાનો જ છે . શિવરાજસિંહનું મધ્યપ્રદેશ અને વસુંધરાનું રાજસ્થાન ભાજપ માટે સીટોની સોનાની લંકા સાબિત થશે એવું ચોક્કસપણે લગભગ બધા જ રાજકીય પંડિતો માની રહ્યા છે અને એવું માનવાનું કારણ છે હજુ હમણાં જ પૂરી થયેલી વિધાનસભાની ચુંટણીઓમાં બંને રાજયોમાં ભાજપને મળેલી ધોધમાર સફળતા. મોદીના ગુજરાતમાં અને જય શીવશેનાનો સહારો છે એ મહારાષ્ટ્રમાં પણ આ વખતે મોટાભાગની સીટો પર ભાજપનો કબજો વર્તાઈ રહ્યો છે. આટલી વાર્તા પછી કોઈને એમ થાય કે આમાં કોંગ્રેસ કે બીજા દળોનું કોઈ ઉજળું ચિત્ર કેમ નથી દેખાતું તો એની પાછળનું કારણ છે કોંગ્રેસની નેતાગીરીની શુષ્કતા. રાહુલ અને અમુક અંશે સોનિયા સિવાય કોંગ્રેસના મોટાભાગના નેતાઓ પોતાની સીટ બચાવવાની વેતરણમાં પડ્યા છે અને બીજું કે છેલ્લા અમુક વર્ષોના શાશનમાં થયેલા ગોટાળા અને ભ્રષ્ટાચારને લીધે પાર્ટી પાસે જનતા સમક્ષ રજુ કરી શકાય એવું કોઈ કાર્ય રહ્યું નથી. વડાપ્રધાનપદ માટે કોઈ જ ઉમેદવાર ન જાહેર કરવાની નીતિ પણ કોંગ્રેસને હવે ભારે પડી રહી હોય એમ લાગે છે કેમકે વોટર બદલાઈ ગયો છે અને બિલકુલ એ જ રીતે નવા વોટર્સને અનુકુળ અને ગમે એવી રીતે ચુંટણી લડવાની પદ્ધતિ પણ બદલાવી જોઈએ. દુર્ભાગ્યે કોંગ્રેસ હજુ પણ એ જ જૂની ઢબે અને વિચારધારા મુજબ જ ચુંટણીના મેદાનમાં ઉતરી પડ્યો હોય એવું લાગે છે. દેશની સમક્ષ કોણ બનશે વડાપ્રધાન એવી એક વિચારધારા રજુ કરવામાં કોંગ્રેસ નિષ્ફળ રહ્યો છે જયારે સામે પક્ષે અનેક આંતરિક વિખવાદો અને પરસ્પર વિરોધી વિચારો છતાં પણ ભારતીય જનતા પાર્ટી એમણે રજુ કરેલા વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની પાછળ ચટ્ટાનની જેમ ઉભો રહેલ છે. જે જોશથી નરેન્દ્ર મોદી અને આખું એનડીએ પ્રચાર કરી રહ્યા છે એવા જુસ્સાનો કોંગ્રેસમાં અભાવ દેખાય છે. મોટાભાગની સીટોનું પરિણામ જે તે ઉમેદવારની પોતાની મહેનતના નામે મૂકી દેવાયું હોય એવું છે. વોટરના મિજાજમાં આવેલો બદલાવ દેશની રાજનીતિ બદલી શકે છે એ કડવી વાસ્તવિકતાને સત્તાધારી પાર્ટી ઓળખી શકી નથી એવું લાગે છે.

આ વખતની ચુંટણીમાં બીજી ઉડી ને આંખે વળગે એવી વાત એ છે કે અત્યાર સુધીની મોટાભાગની ચુંટણીમાં કોંગ્રેસનો પ્રચારમાં દબદબો રહ્યો છે. અત્યાર સુધી બધી ચુંટણીમાં કોન્ગ્રેસ્સની આસપાસ જ ભારતીય રાજનીતિ ફરતી દેખાયેલ છે આ વખતે એમાં મોટો બદલાવ દેખાયછે. આ વખતની રાજકીય ગતિવિધિઓ ભાજપ અથવા તો એમ કહો ને કે નરેન્દ્ર મોદીની આસપાસ ફરી રહી છે. લગભગ દરેક પાર્ટીએ મોદી સામે અટેક કરવાનું શરુ કરી દીધેલું છે. ગાળો, આરોપો અને કાદવ ઉછાળવો એ જ જાણે આ વખતના ચુનાવ મુદ્દા છે. ભાજપ અને નરેન્દ્ર મોદીની આસપાસ ફરતી સાંપ્રત રાજકીય ગતિવિધિઓ વચ્ચે કોંગ્રેસની હાજરીની નોંધ લેવાવાનું ઓછું દેખાય રહ્યું છે કદાચ એવું હોય કે કોંગ્રેસ ના મુકાબલે ભારતીય જનતા પાર્ટીએ પોતાનું પ્રચારતંત્ર વધુ વ્યવસ્થિત અને ચોક્કસ પ્લાનિંગ મુજબ ગોઠવેલું હોય, વિવિધ માધ્યમો દ્વારા નરેન્દ્ર મોદીના કરીશ્માને મહત્તમ લોકો સુધી પહોચાડવામાં સફળ રહ્યું હોય. નરેન્દ્ર મોદીની રાજકીય પરિસ્થિતિને આધુનિક દ્રષ્ટિથી જોવાની કુશળતા અને પાર્ટીના બીજા નેતાઓના વાંકચાતુર્યથી આ વખતે ભાજપ પ્રથમવાર જ પ્રચાર ક્ષેત્રે કોંગ્રેસથી આગળ ચાલી રહ્યો છે. દરવખતે પ્રચાર અને પ્રસિદ્ધિના કેન્દ્રમાં રહેલી કોંગ્રેસનું સ્થાન આ વખતે બહુપાંખિયા પ્રચારના જોરે ભાજપે ઝુંટવી લીધું છે જેની અસર જનમાનસ પર દેખાય છે. જો કે કોંગ્રેસે પણ પોતાની રીતે પ્રચારતંત્ર ગોઠવ્યું છે પણ એમાં કોઈ ઠોસ વાત ઉગીને સામે આવતી નથી દેખાઈ રહી. આફ્ટરઓલ જમાનો પબ્લીસીટીનો છે અને જયારે દેશની ટોચની સંસ્થા માટેના સભ્યો ચુટાવાના હોય ત્યારે જનતામાં અને જનતાના દિમાગમાં તમારી નીતિઓ, વાયદાઓ કે કાર્યોને સતત અને સબળ રીતે રોપી શકવાની ક્ષમતા હોવી જરૂરી છે. જેમાં ૩૫ જેવા યુવાન મતદારો મતદાન કરવાના હોય એવી ચુંટણીમાં યુવાનોને આકર્ષે એવી રીતે સમસ્યાઓ ના ઉકેલો કે પ્રચાર ગોઠવવા જરૂરી હોય છે અને ભાજપ આ બાબતમાં મુઠ્ઠી ઉછેરો સાબિત થયો છે. બીજી નોંધનીય વાત છે ભાજપનો બીજા રાજયોમાં પણ વધતો જતો પ્રભાવ. એક સમયે આખાય ભારતના મોટાભાગના રાજયોમાં દબદબો ધરાવતો કોંગ્રેસ અમુક રાજયો સુધી જ સીમેટાતો જઈ રહ્યો છે જયારે ભાજપ કે જે ઉત્તર કે વેસ્ટર્ન ભારતની જ પાર્ટી ગણાતો હતો એનો પગપેસારો આ વખતે કર્ણાટકા, તામીલનાડુ, તેલંગાના અને આંધ્ર પ્રદેશમાં પણ જોવા મળશે. અરવિંદ કેજરીવાલ અને આપ પાર્ટીએ શરૂઆતમાં બહુ જ આશાઓ જગાવેલી પણ જેમ મેં મારા આપ વિશેના એક લેખમાં લખેલું એમ ભારત એ દિલ્હી નથી અને ધારાસભા લડવા માળખું, પૈસા અને ખાસ તો મોટો જનાધાર હોવો જોઈએ એ વાત બહુ જલ્દી આપના કિસ્સામાં સાચી પડી છે. અરવિંદની આપ આ ચુંટણીમાં કોઈ જ નોંધપાત્ર દેખાવ નહિ જ કરી શકે કે ગેમ ચેન્જર નહિ જ બની શકે એવું હવે સર્વવિદિત છે.

ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને હિન્દી બેલ્ટમાં શાનદાર દેખાવની શક્યતા જોઈ રહેલો ભાજપ શું એકલે હાથે સરકાર બનાવી શકશે? શું છેલ્લા ૩૦ વર્ષોથી ચાલી આવતી ટેકાટેકીવાળી સરકારના દિવસો પુરા થવા જઈ રહ્યા છે? ભાજપ એકલે હાથે ૨૭૫ સીટો મેળવી

● અનુસંધાન પાના - ૭ પર